જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૪/૨૦૧૯ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૬૬/૧૯

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૭ કેસ કરી, ૭૯ વ્યક્તિઓને ઝડપી, ૩૦૦ લીટર દેશી દારૂ, ૧૮૯૩ બોટલ ઇંગ્લીશ દારૂ, ૭૨૦ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૨૪ બીયરટીન, ૦૨ સ્કુટર અને ૦૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪,૯૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૬૭/૧૯

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૧૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી સમાચાર યાદી નં.૬૬૮/૧૯

**સરખેજ** : દિપકભાઇ શ્રીપુરણચંન્દ ગુપ્તા (ઉ.વ.૫૦)(રહે. ફેશ-૦૨ અશોકવિહાર દિલ્લી) એ તા.૧૫/૪/૧૯ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૦૪/૧૯ ના કલાક ૯/૦૦ થી તા.૦૩/૦૪/૨૦૧૯ રાતના ૧૦/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન સરખેજ શાંતીપુરા સર્કલ ખાતે આવેલ હોટલ સફર ખાતે આરોપી (૧) અંકિતભાઇ અનિલકુમાર ગોયેલ (૨) મોહમદઇમરાન મોહમદ હારૂન (૩)નિતીનભાઇ ઓમપ્રકાશ ગુપ્તા (ત્રણેય રહે-દિલ્લી) અને (૪) પટેલ (જેના પુરા નામ સરનામાની ખબર નથી તે) ભેગામળી દિપકભાઇને વિશ્વાસમાં લઇ, હીરા વેચવાનુ કહી, હીરાના રોકડ રૂપિયા ૩૫,૦૦,૦૦૦/- મેળવી લઇ, હીરા કે રૂપિયા નહીં આપી, દિપકભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.પી.સોનારા ચલાવે છે.

**ખાડીયા** : પ્રકાશભાઇ સુભાષચંદ્ર સોની (ઉ.વ.૪૬)(રહે.સંસ્કૃતિ ફ્લેટ વાસુપુજય ટાવરની સામે નારણપુરા) એ તા.૧૫/૪/૧૯ નારોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આશરે અઢી માસ અગાઉથી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન માણેક ચોક, દેડકાની પોળ, વાઘેશ્વરી ગોલ્ડ નામની પોતાની દુકાનેથી આરોપી ઘનશ્યામ જયંતીલાલ સોની (રહે.દેવમાણેક શ્રીનાથ પાર્ટી પ્લોટની સામે નવા નરોડા) એ કુલ ૧૨૧૭ ગ્રામ ૩૦૦ મીલી ગ્રામ જેટલું સોનું કિંમત રૂપિયા ૩૮,૯૬,૫૭૭/- મતાનું મેળવી લઇ, કોઇ પેમેન્ટ નહી કરી પ્રકાશભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે.આ ગુનાની તપાસ પો.ઇ. શ્રી જે.એમ.તડવી ચલાવે છે.

**કાગડાપીઠ** : મોહનલાલ મગનલાલ મકવાણા (ઉ.વ.૯૦)(રહે,ભારતીયનગર કો.ઓ.હા.સો.લી, ગોરધનવાડી ક્રોસ રોડ કાંકરીયા) એ તા.૧૫/૪/૧૯ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૦૧/૨૦૧૯ થી તા.૨૮/૦૧/૨૦૧૯ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે આરોપી (૧) વ્યોમેશ ઉર્ફે ભગો મોહનલાલ મકવાણા (ઉ.વ.૪૯) તથા (૨) લતાબેન વ્યોમેશભાઈ મકવાણા (બંને રહે.ભારતીયનગર કો.ઓ.હા.સો.લી. ગોરધનવાડી ક્રોસ રોડ કાંકરીયા) એ ભેગામળી મોહનલાલ ના પૌત્રના ન્યુઝીલેન્ડના વિઝા માટેની પ્રોસેસ સારૂ બેંક બેલેન્સ બતાવવાનુ જણાવી, વિશ્વાસમાં લઇ, મોહનલાલ પાસેથી બેંક ઓફ બરોડાના એકાઉન્ટમા પૈસા જમા કરાવડાવી, ખાતાના ચેકોની ચોરી કરી લઇ તેમા રકમ ભરી વ્યોમેશના ખાતામા રૂપિયા ૮,૫૦,૦૦૦/- ટ્રાન્સફર કરી લઇ, મોહનલાલ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એ.જાડેજા ચલાવે છે.

**<u>ઉચાપતની ફરીયાદ :-</u>** **<u>સમાચાર યાદી નં.૬૬૯/૧૯</u>**

**વેજલપુર** : રવિન્દ્ર ત્રિલોકચંદ્ર પરમાર (ઉ.વ.૩૮)(રહે. બ્લોક-એક્સ, નિલકંઠવર્ણી ઘનશ્યામનગર સોસાયટી, કલેકટર કચેરી સામે, સુભાષબ્રિજ) એ તા.૧૫/૪/૧૯ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે ગઇ તા.૨૦/૦૩/૨૦૧૯ ના કલાક ૮/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે જુહાપુરા પોસ્ટ ઓફિસના પોસ્ટ માસ્ટર તરીકે ફરજ બજાવતા મોહમદસોએબ ઇમ્તિયાસહુસૈન સૈયદ એ જુહાપુરા બ્રાંચ પોસ્ટ ઓફિસ ની તિજોરી માંથી કુલ રૂપિયા ૧૫,૨૧,૩૭૭/- સરકારી નાણાંનો પોતાના અંગત ઉપયોગમાં વાપરી, પાછળથી આ રકમ બે તબક્કામા જમા કરાવી સરકારી નાણાંની ઉચાપત કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.વણઝારા ચલાવે છે.

**<u>લુંટ :-</u>** **<u>સમાચાર યાદી નં.૬૭૦/૧૯</u>**

**ખોખરા** : રંજનબહેન વા/ઓ શાંતીલાલ પ્રજાપતી (ઉ.વ.૬૦)(રહે,ક્રીષ્ના બંગ્લોઝ, કેનાલની બાજુમા, ગોરના કુવા, ખોખરા) તા.૧૫/૦૪/૨૦૧૯ સાંજના ૭/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીક થી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) એ રંજનબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૬૦,૦૦૦/- મતાની ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રંજનબહેન પ્રજાપતિએ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.બી.પરમાર ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૬૭૧/૧૯</u>**

**શહેરકોટડા** : વિનોદરાય પરષોત્તમભાઇ રાજપરા (ઉ.વ.૫૩)(રહે.ગ્રીનહાઉસ એપાર્ટમેન્ટ નીલકંઠ એપાર્ટમેન્ટ સામે, બજરંગ આશ્રમની પાછળ હિરાવાડી બાપુનગર)એ અગમ્ય કારણસર તા.૧૪/૦૪/૧૯ રાતના ૦૮/૪૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે હિરાવાડી નીમેષ એસ્ટેટ શેડ નંબર-૨૧ ખાતે આવેલ ઓફીસમાં પંખા સાથે દોરડુ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ડી.ચાવડા ચલાવે છે.

**ઓઢવ** : રામસિંગભાઇ ભવાનસિંગભાઇ ચૌહાણ (ઉ.વ.૫૦)(રહે.રઘુવીર એપાર્ટમેંટ પંચદેવ મંદિર પાછળ અર્બુદાનગર ઓઢવ)એ અગમ્ય કારણસર તા.૧૪/૦૪/૧૯ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે રઘુવીર એપાર્ટમેન્ટની બહાર મંદિર પાસે પોતાની જાતે ઉંદર મારવાની દવા પી લેતા, સારવાર માટે સીવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તા.૧૫/૦૪/૨૦૧૯ ના કલાક ૦૭/૩૦ વાગ્યે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેંદ્રસિંહ બળવંતસિંહ ચલાવે છે.

**રામોલ** : ભૈરૂભાઇ લક્ષ્મણભાઇ રાવત (ઉ.વ.૨૨)(રહે.વાણીયાવાસ વેરાઇમાતાના મંદીર પાસે રામોલ ગામ) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૪/૧૯ રાતના ૧૦/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરમાં લોખંડની એંગલ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ભીખુભાઇ ભલાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.